Divya Bhaskar, Date: 12.01.2018, Page No. 9

# મેટ્રોના કામને લીધે નારણપુરા અને પાલડીમાં ડાયવર્ઝન

**અમદાવાદ | મેટ્રો માટે ચાલતા ખોદકામને લીધે ટ્રાફિક વિભાગના ઈન્ચાર્જ સંયુક્ત પોલીસ કમિશનર ડો. સુધીરકુમાર દેસાઈએ જાહેરનામું બહાર પાડી ટ્રાફિક ડાયવર્ઝન આપ્યું છે.**

## ટ્રાફિક વિભાગે ફેરફારનું જાહેરનામું બહાર પાડ્યું

**નારણપુરા :** મેટ્રોનું કામ શરૂ થવાનું હોઈ 12 જાન્યુઆરીથી 30 જૂન-19 સુધી નારણપુરા ક્રોસિંગથી નવજીવન પ્રેસ તરફ ટૂ- વ્હીલર તેમજ નાના ફોર વ્હીલર જઈ શકશે, પરંતુ નવજીવન પ્રેસથી નારણપુરા રેલવે ક્રોસિંગ તરફ કોઈપણ પ્રકારના વાહનો જઈ શકશે નહીં.

**વૈકલ્પિક રૂટ :** જૂની હાઈકોર્ટ તરફથી નારણપુરા ક્રોસિંગ જતા વાહનો ઈન્કમટેક્સ અંડરબ્રિજથી જમણે વળી અથવા તો નવજીવન પ્રેસથી જમણે વળી આશ્રમરોડથી ઉસ્માનપુરા થઈ નારણપુરા ક્રોસિંગ તરફ જઈ શકશે.

**પાલડી:** દામુભાઈ શુકલ શૈક્ષણિક સંકુલની બાજુમાં આવેલ શ્રી શ્રી મા આનંદમયી ચોકથી બેરિકેડિંગ કરી એક સાઈડનો રોડ 12 માસ સુધી વાહન વ્હવહાર બંધ રહેશે.

**વૈકલ્પિક રૂટ :** કચ્છ ભવન જૈન ચાર રસ્તા તથા સેતુ કટ યાર્ડ ફ્લેટ ચાર રસ્તા પર વાહન વ્યવહાર કરી શકાશે અને તેની બાજુનો સમગ્ર એક જ રોડ ડાયવર્ટ કરી બન્ને તરફનો રોડ ખુલ્લો રહેશે. આ રોડ ઉપરની કામગીરી પૂર્ણ થયા બાદ જ તેની બાજુના મુખ્ય રોડ ઉપર પણ મેનહોલ ફાઈન્ડિંગથી સરવેને લગતુ કામ કરાશે.